# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૦૭ તા.૧૯-૦૪-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષ દરમ્યાન નિવૃત્ત થનાર કર્મચારીઓની વિગતો તૈયાર કરી મોકલવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું છે કે સરકારી કર્મચારીની વય નિવૃતિની તારીખથી બાર માસ અગાઉ પેન્શનના કાગળો તૈયાર કરવાની પ્રક્રિયાની શરૂઆત કરી શકાય તે હેતુથી મ્યુનિ. શાળાના શિક્ષકો / કર્મચારીઓ પૈકીના સને ૨૦૨૪/૨૦૨૫માં નિવૃત્ત થનાર કર્મચારીઓની વિગતો એકસેલમાં તેમજ હાર્ડ કોપીમાં આ સાથે સામેલ નમૂના મુજબના પત્રકની બે નકલ તૈયાર કરી **બંને નકલ લાગુ પડતા ઝોન ઓફિસમાં રૂબરૂમાં મોડામાં મોડા તા.૨૯-૦૪-૨૦૨૩ સુધીમાં મળે તે રીતે મોકલી આપવી.**

**નિવૃત્તિની વિગતો તૈયાર કરવા અને મોકલવા અંગે નીચેની સુચનાઓ અચુક ધ્યાનમાં રાખવી.**

૧. તમારી શાળાના માહે માર્ચ-૨૦૨૩ની કોમ્પ્યુટર ડેટા-માહિતી પત્રક તેમજ પગારબીલનાં આધારે શિડયુઅલ પોસ્ટના તમામ કર્મચારીઓ પૈકી :-

(અ) શૈક્ષણિક સ્ટાફના કર્મચારીઓ :- મુખ્ય શિક્ષક, મદદનીશ શિક્ષક કે જેમની જન્મ તા. ૦૧-૦૪-૧૯૬૬ થી તા.૩૧-૦૩-૧૯૬૭ સુધીમાં આવતી હોય તેઓની નિવૃત્તિ વયમર્યાદા ૫૮ વર્ષની ઉંમર તા.૦૧-૦૪-૨૦૨૪ થી તા.૩૧-૦૩-૨૦૨૫ સુધીમાં પુરી થશે. તેથી તેઓ સને ૨૦૨૪-૨૦૨૫ માં નિવૃત્ત થવાને પાત્ર થશે.

(બ) ચોથા વર્ગના કર્મચારીઓ :- પગી, પા.પા., પટાવાળા કે જેમની જન્મ તા.૦૧-૦૪-૧૯૬૪ થી તા.૩૧-૦૩-૧૯૬૫ સુધીમાં આવતી હોય તેઓની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષની ઉંમર તા.૦૧-૦૪-૨૦૨૪ થી તા.૩૧-૦૩-૨૦૨૫ સુધીમાં પુરી થશે તેથી તેઓ સને ૨૦૨૪-૨૦૨૫માં નિવૃત્ત થવાને પાત્ર થશે.

(ક) જે શાળામાંથી કોઈ કર્મચારી નિવૃત્ત થતા ન હોય તો પણ નમૂના મુજબનું બે નકલમાં પત્રક બનાવવવાનું છે અને પત્રકમાં **"અત્રેની શાળામાંથી સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષમાં કોઈ કર્મચારી નિવૃત્ત થતા નથી."** તેવું દર્શાવી પત્રક ઝોન ઓફિસે મોકલવાનું છે.

૨. પત્રક સાથે નિવૃત્ત થતા કર્મચારીની પગારસ્લીપની ઝેરોક્ષ નકલ મુખ્ય શિક્ષકશ્રીના સહી-સિકકા સાથે પ્રમાણિત કરી અવશ્ય સામેલ કરવી.

૩. ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદમાં દાખલ થયા હોય તે તારીખ સળંગ નોકરીની તારીખના ખાનામાં દર્શાવવી.

૪. ન.પ્રા.શિ.સમિતિમાં દાખલ થયા બાદ નામ બદલાવેલ હોય તો નિવૃત થનાર કર્મચારીના ખાનામાં જૂનું નામઃ.................., નવું નામઃ.............. અને બંને નામ દર્શાવવા.

૫. પત્રકના હોદ્દાના ખાનામાં મદદનીશ શિક્ષક હોય તો મદદનીશ શિક્ષક દર્શાવી- (નિમ્ન પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક-વિષય)માં દર્શાવવું.

૬. નિવૃતિ બાબતે કોઇ કર્મચારીના કેસમાં શંકા અગર ભૂલ જણાય તેમજ સમજણ ના પડે તો સંબંધિત ઝોન ઓફિસે રૂબરૂ જઇ સર્વિસબુક ઉપરથી ચકાસણી કરી લેવી.

૭. **સને ૨૦૨૪-૨૦૨૫માં નિવૃત થતા કોઈપણ કર્મચારીની વિગત મોકલવાની રહી ન જાય તેની ખાસ કાળજી રાખવી.** જો કોઇ કર્મચારીનું નામ રહી જશે અને ત્યારબાદ કોઈ પ્રશ્નો ઉપસ્થિત થશે તો જે તે કક્ષાએ જવાબદારી નક્કી કરી કાર્યવાહી કરવામાં આવશે.

આ પરિપત્ર શાળાના તમામ સ્ટાફને વંચાવી, નોંધ લેવડાવી તે મુજબ અમલ કરવો.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## નિવૃત્ત થતા કર્મચારીની વિગત દર્શાવતું નમૂનાનું પત્રક :-

પરિપત્ર નં...... તા.    મુજબ સને ૨૦૨૪/૨૦૨૫ (તા.૧-૪-૨૦૨૪ થી તા.૩૧-૩-૨૦૨૫ સુધી)ના સમય દરમ્યાન નિવૃત્ત થવાને પાત્ર કર્મચારીઓની વિગત :-

શાળાનું નામ :-........... ડિપાર્ટમેન્ટ નંબર :-........... ઝોન ......

| ક્રમ | ડિપાર્ટમેન્ટ નંબર | શાળાનું નામ | એમ્પ્લોઈ નંબર | નિવૃત્ત થનાર કર્મચારીનું નામ | હોદ્દો | જન્મ તારીખ | સળંગ નોકરીની તારીખ | નિવૃત્ત કરવાની તારીખ | જી.પી. ફંડ નંબર | પેન્શન કે સીપીએફ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| | | | | | | | | | | |

<u>પ્રમાણપત્ર</u>

આથી સર્ટી. આપવામાં આવે છે કે અત્રેની શાળાના શીડયુઅલ પોસ્ટ પરના તમામ કર્મચારીઓની માહે માર્ચ-૨૦૨૩ના કોમ્પ્યુટર ડેટા-માહિતી પત્રક તેમજ પગારબિલ ઉપરથી નિવૃત્ત થતા કર્મચારીની વિગતોની બરાબર ચકાસણી કરવામાં આવેલ છે.

પત્રકમાં જણાવેલ ઉપરોકત નિવૃત્ત થતાં કર્મચારીઓ સિવાયના બીજા કોઈ કર્મચારીઓ નિવૃત્ત થતા નથી. તેની ખાત્રી કરી ચોકસાઈપૂર્વક યાદી બનાવવામાં આવી છે.

મુખ્ય શિક્ષકની સહી/સિકકો
.............. શાળા નં.....

તા. ૧૯-૦૪-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી